# ઉજ્જીવન ફાઈનાન્શિયલનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે

અમદાવાદ : ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસસી લિમિટેડ (યુએફએસ અથવા કંપની) નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન (એનબીએફસી-એમએફઆઈ) છે, જેણે ૨૦૦૫માં નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની (એનબીએફસી) તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭,૮૬૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપતી હતી. કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૦૨ મે.

ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ ૨૦૦૫માં એનબીએફસી તરીકે તેની કામગીરી શરૂ કરી હતી. જેનો ઉદ્દેશ નાણાકીય સંસ્થાઓ દ્વારા પર્યાપ્ત સેવા ન મેળવતા આર્થિક રીતે સક્રિય ગરીબ વર્ગ સંપૂર્ણ નાણાકીય સેવાઓ પ્રદાન કરવાનો છે. તેનો વ્યવસાય મુખ્યત્વે આર્થિક રીતે સક્રિય મહિલાઓને જામીનગીરીથી મુક્ત, ઓછા રકમનું ધિરાણ પ્રદાન કરવા સંયુક્ત જવાબદારી સાથે જૂથ ધિરાણના મોડલ પર આધારિત છે અને કંપની હાઉસિંગ સંબંધિત જરૂરિયાત માટે વ્યક્તિગત તેમજ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગસાહસોને ધિરાણ પણ ઓફર કરે છે.